**૨૯મી નવેંબર, ૨૦૦૬**

માનનીય વડાપ્રધાનશ્રી,

ઉચ્ચ શિક્ષણે સ્વતંત્ર ભારતમાં આર્થિક વિકાસ, સામાજિક પ્રગતિ અને રાજકીય લોકશાહીની બાબતોમાં મહત્ત્વનો ફાળો આપ્યો છે, પરંતુ આ તબક્કે ચિંતા ઉપજાવે એવું એક ગંભીર કારણ છે. ઉચ્ચ શિક્ષણની દુનિયામાં પ્રવેશતા સંબંધતી વય જૂથની બાબતમાં આપણી વસ્તીનું પ્રમાણ ૭ ટકા છે. યુનિવર્સિટીમાં સ્થળોની સંખ્યાની બાબતમાં ઉચ્ચ શિક્ષણ માટેની તકો જોઇએ તો તે આપણી જરૂરિયાતના પ્રમાણમાં પૂરતી નથી. આપણી વસ્તીનો મોટો ભાગ હજી ઉચ્ચ શિક્ષણ સુધી પહોંચી શક્યો નથી. વધુમાં આપણી મોટા ભાગની યુનિવર્સિટીઓમાં ઉચ્ચ શિક્ષણની ગુણવત્તા અપેક્ષા કરતાં ઉણી ઉતરે છે.

પ્રારંભમાં અમારે એ વાત પર પણ ભાર મુકવાનો કે મુળ પાયો જોખમી છે. અમે માનીએ છીએ કે આપણી શાળા પદ્ધતિનો વિકાસ અને સુધારો થાય એ બાબત પર ભાર મુકવો જરૂરી છે કે જેથી દરેક બાળકને

ઉચ્ચ શિક્ષણના જગતમાં પ્રવેશ કરવા માટે સમાન તકની ખાતરી મળી રહે. અમે શાળાકીય શિક્ષણ બાબતના પરામર્શમાં રોકાયેલા છીએ. અમે આ નિર્ણાયક ક્ષેત્ર બાબતે અમારી ભલામણો યોગ્ય સમયે મોકલી આપીશું. આ પત્રમાં અને ઉચ્ચ શિક્ષણ બાબતે ધ્યાન કેન્દ્રિત કરીએ છીએ.

એન.કે.સી. એ આ વિષય બાબતે ઉચ્ચ શિક્ષણ જગતની બહુવિધ વ્યક્તિઓ સાથે ઔપચારિક અને અનૌપચારિક રીતે પરામર્શ કરેલ છે. વિશેષમાં અમે સંસદ, સરકાર, સનદી જમાત અને ઉદ્યોગ જગતની સંબંધીત વ્યક્તિઓ સાથે પરામર્શ કરેલ છે. ઉચ્ચ શિક્ષણ પદ્ધતિ સાથે જેને લેવાદેવા છે તે બાબતે મોટા પાયે ભાગીદારી કરી છે. એક સ્પષ્ટ અને મહદ્અંશે એકસમાન મત પ્રવર્તતો હતો કે ઉચ્ચ શિક્ષણમાં પદ્ધતિસરની મરામતની જરૂર છે કે જેથી આપણે શૈક્ષણિક ધોરણોને કમજોર બનાવ્યા વગર ધણી મોટી સંખ્યાને શિક્ષણ આપી શકીએ. ખરેખર આ બાબત અગત્યની છે કારણ કે એકવીસમી સદીમાં અર્થતંત્ર

અને સમાજનું પરિવર્તન મહદ્અંશે લોકોને શિક્ષણની અને ખાસ કરીને ઉચ્ચ શિક્ષણના ક્ષેત્રમાં ગુણવત્તા મળી રહે અને તેનો પ્રસાર થાય એ બાબત ઉપર આધાર રાખશે, અને માત્ર સમાવિષ્ટ સમાજ જ શિક્ષિત સમાજ માટે મુળભૂત પાયો પૂરો પાડી શકશે.

આપે ધણીવાર જે બાબત પર ભાર મુક્યો છે તે મુજબ આપણી ઉચ્ચ શિક્ષણ પદ્ધતિમાં સુધારો અને પરિવર્તન માટેના હેતુઓમાં વિસ્તાર, શ્રેષ્ઠતા અને અંતર્ભાવનો સમાવેશ થવો જ જોઇએ. અમે એ બાબત પીછાણીએ છીએ કે ઉચ્ચ શિક્ષણ પદ્ધતિમાં અર્થપૂર્ણ સુધારો કરવાની બાબતે લાંબા ગાળાનું દર્શન કરીએ તો તે જટિલ અને મુશ્કેલ જણાય છે. આમ છંતા તે અનિવાર્યપણે આવશ્યક છે. અમે ઉચ્ચ શિક્ષણ બાબતે વિગતવાર નોંધ તૈયાર કરીને પૃથ્થકરણ, નિદાન અને નુસખા દર્શાવ્યા છે અને આ નોંધ આ સાથે સામેલ કરી છે. આ પત્રમાં અમે માત્ર અમે દર્શાવેલા નુસખાને મોખરે લાવવા માગીએ છીએ.

**(અ) વિસ્તાર :**

**(૧) વધુ યુનિવર્સિટીઓનું સર્જન કરો.**

ઉચ્ચ શિક્ષણ પદ્ધતિને ભારે વ્યાપક તકો મળવી જોઇએ અને રાષ્ટ્રીય કક્ષાએ આશરે ૧૫૦૦ યુનિવર્સિટીઓ હોવી જોઇએ કે જેથી ભારત વર્ષ ૨૦૧૫ સુધીમાં એકંદર નોંધણીનું પ્રમાણ ઓછામાં ઓછું ૧૫ ટકા પ્રાપ્ત કરી શકે. નવી યુનિવર્સિટીઓ ઊભી કરવા પર ધ્યાન કેન્દ્રિત કરવું જોઇએ તેમ છતાં સંલગ્ન કોલેજોનાં કેટલાંક જૂથ પણ યુનિવર્સિટીઓ બની શકે. આ રીતે વિસ્તાર કરતી વખતે ધારાના માળખામાં મહત્ત્વના ફેરફારો જરૂરી બનશે.

**(૨) ઉચ્ચ શિક્ષણ માટે નીયમનની પદ્ધતિમાં ફેરફાર કરો :**

ઉચ્ચ શિક્ષણ માટેની પર્વતમાન નિયમનકારી પદ્ધતિ કેટલીક અગત્યની બાબતોમાં નુકસાનકરી છે. પ્રવેશ આપવાની પદ્ધતિ અડચણરૂપ છે. નિયમનકારી એજન્સીઓમાં અનેક ધટકો છે અને તેઓના આદેશો ગૂંચવાડાભર્યા અને એકબીજાની આડે આવે છે. સર્વાંશે જોઇએ તો પદ્ધતિ વધુ પડતી નિયમનકારી છે. તેમછતાં પૂરતી સત્તા ધરાવતી નથી. અમારું માનવું છે કે ઇન્ડપેન્ડન્ટ રેગ્યુલેટરી ઓથોરિટી

ફોર હાયર એજ્યુકેશન (IRAHE)ની સ્થાપના કરવાની સ્પષ્ટ જરૂરિયાત છે. આ સત્તા મંડળ સરકારની ખૂબજ નજીકમાં હોવું જોઇએ અને સરકારનાં સંબંધીત મંત્રાલયો સહિતના તમામ સ્ટોક હોલ્ડરોથી સ્વતંત્ર હોવું જોઇએ અને અમે આ સાથે જોડેલી નોંધ મુજબ હોવું જોઇએ.

- આ સત્તામંડળ સંસદમાં કાયદો પસાર કરીને ઊભું કરવું જોઇએ અને તે પ્રવેશ માટેનો માપદંડ સ્થાપિત કરવા અને પ્રવેશ અંગેનો નિર્ણય કરવા માટે જવાબદાર હોવું જોઇએ.
- ઉચ્ચ શિક્ષણ સંસ્થાઓને પદવી એનાયત કરવાની સત્તા આપવાની બાબતમાં તે એકમાત્ર અધિકૃત એજન્સી હોવી જોઇએ.
- સ્થાપિત ધોરણો પર દેખરેખ રાખવા માટે અને વિવાદો નિવારવા માટે તે જવાબદાર હોવું જોઇએ.

- તે દેશની અને આંતરરાષ્ટ્રીય સંસ્થાઓ માટે જેવાં સમાન ધારાધોરણો અપનાવે તેવાંજ સમાન ધારાધોરણો જાહેર અને ખાનગી સંસ્થાઓ માટે તેણે અપનાવવાં જોઇએ.
- અધિકૃત એજન્સીને પરવાના આપવાની સત્તા તેની પાસે હોવી જોઇએ.
- ઉચ્ચ શિક્ષણની જાહેર સંસ્થાઓને ગ્રાન્ટની ચુકવણી બાબતે તથા તેઓના નિભાવની બાબતે ધ્યાન કેન્દ્રિત કરવા યુજીસીની ભૂમિકાની મર્યાદા પુનઃ નક્કી કરવી જોઇએ. એ.આઇ.સી.ટી.આઇ., એમ.સી.આઇ. અને બી.સી.આઇ. દ્વારા કરવામાં આવતી પ્રવેશ નિયમનની કાર્યવાહી ઉપરોકત સંસ્થાએ કરવી જોઇએ કે જેથી તેઓની ભૂમિકા વ્યાવસાયિક સંસ્થાઓ સુધી મર્યાદિત રહે.

(3) જાહેર ખર્ચમાં વધારો કરો અને નાણાં પૂરાં પાડવાં માટેનાં સાધનોમાં વિવિધતા લાવો. નાણાં પૂરાં પાડવા માટેની કક્ષામાં વધારો

કર્યા સિવાય આપણી ઉચ્ચ શિક્ષણ પદ્ધતિનો વિસ્તાર શક્ય નથી. આ નાણાં જાહેર અને ખાનગી એમ બંને સાધનોમાંથી આવવાં જ જોઇએ.

- સરકાર દ્વારા નાણાકીય સહાય પાયાની બાબત બની રહેનાર હોવાથી ઉચ્ચ શિક્ષણ માટેની સરકારી સહાય, શિક્ષણ માટે જી.ડી.પી.ના ઓછામાં ઓછા કુલ ૬ ટકામાંથી ઓછામાં ઓછું જી.ડી.પીના ૧.૫ ટકા સુધી વધવી જોઇએ.
- એક અનિવાર્ય આવશ્યક સત્ય છે કે ઉચ્ચ શિક્ષણક્ષેત્રે થયેલા ભારે વિકાસને જોતાં આ સહાય પણ પૂરતી નથી. જાહેર ખર્ચમાં થયેલા વધારાને સરભર કરવા અન્ય શકયતાઓની તપાસ કરવી જરુરી છે.
- મોટા ભાગની જાહેર યુનિવર્સિટીઓ વિશાળ જમીન ધરાવે છે અને આ સાધનનો ઉપયોગ કરવામાં આવેલ નથી. યુનિવર્સિટીઓ પોતાની પાસે જે જમીન છે તેનો આવકના સાધન

તરીકે ઉપયોગ કરી શકે તે માટેનાં ધારાધોરણો અને માપદંડો ઘડી કાઢવાની શક્યતા વિચારવી જોઇએ.

- ફીની મર્યાદા યુનિવર્સિટીઓએ નક્કી કરવી જોઇએ પરંતુ તેઓના કૂલ ખર્ચની ઓછામાં ઓછી ૨૦ ટકા ફીમાંથી મળી રહે તેવું ધોરણ નક્કી કરવું જોઇએ. આ માટે બે શરતો હોવી જોઇએ. પ્રથમ તો એ કે જરુરિયાતવાળા વિદ્યાર્થીઓ પાસેથી ફી જતી કરવી જોઇએ અને તેઓનો ખર્ચ પૂરો કરી શકે તે માટે છાત્રવૃત્તિ આપવી જોઇએ. બીજું એ કે યુનિવર્સિટીઓ ઊંચી ફી લઇને સાધનો ઊભાં કરે તે બાદ યુ.જી.સી.એ. પોતાના અનુદાન સહાયમાં કાપ મુકીને તેઓને દંડ ન કરવો જોઇએ.
- યુનિવર્સિટીઓ અને દાતાઓને અપાતાં પ્રોત્સાહનોમાં પરિવર્તન લાવીને આપણે પરોપકાર અર્થે અપાતા ફાળાની પ્રથાને પોષવી જોઇએ. હાલમાં કરવેરાના કાયદા અને ટ્રસ્ટના કાયદા એમ બંનેમાં સ્પષ્ટપણે પ્રોત્સાહનોનો અભાવ છે. આવા કાયદાઓમાં

ફેરફાર લાવવો જોઇએ કે જેથી યુનિવર્સિટીઓ પોતાની પસંદગીનાં નાણાકીય સાધનોમાં મુડીરોકાણ કરી શકે અને પોતાનું માળખું ઊભું કરવા માટે પોતાની મિલકતમાંથી થતી આવકનો ઉપયોગ કરી શકે.

- યુનિવર્સિટીઓએ ભૂતપૂર્વ વિદ્યાર્થીઓ પાસેથી ફાળો લઇને તેમજ પરવાના આપીને ફી વસુલ કરીને તેમજ આવા પ્રકારનાં અન્ય સાધનોનો ઉપયોગ કરવાનું પણ શોધી કાઢવું જોઇએ. આપણે સહાયક સંસ્થાકીય માળખું ઊભું કરવાની જરૂર છે કે જેથી યુનિવર્સિટીઓ વ્યવસાયિક પેઢીઓને આ હેતુસર રાખી શકે.
- શૈક્ષણિક તકોનો વિસ્તાર થાય તે હેતુથી શિક્ષણમાં ખાનગી મૂડીરોકાણને પ્રોત્સાહન આપવું જરૂરી છે. ખાનગી મૂડીરોકાણને વધુને વધુ આકર્ષવા માટે (નફા માટે નહિ) ખાસ કરીને જમીનની ભેટ આપીને જાહેર સાધનોની શક્તિ વધારવાનું શક્ય બની શકશે.

## ૪. ૫૦ રાષ્ટ્રીય યુનિવર્સિટીઓની સ્થાપના કરો :

અમે ઊંચામાં ઊંચું શિક્ષણ આપી શકે એવી ૫૦ રાષ્ટ્રીય યુનિવર્સિટીઓના સર્જનની ભલામણ કરીએ છીએ. રાષ્ટ્રના બાકીના ભાગોમાં ઉદાહરણ પૂરું પાડવા માટે આ યુનિવર્સિટીઓ ઉપસ્નાતક અને અનુસ્નાતક એમ બંને કક્ષાએ માનવવિદ્યાઓ, સમાજ વિજ્ઞાન, મૂળભૂત (બેઝિક) વિજ્ઞાન, વાણિજ્ય અન વ્યવસાયિક વિષયો જેવી વિવિધ પ્રકારની શાળાઓના વિદ્યાર્થીઓને તાલીમ  આપશે. ૫૦નો આંકડો લાંબા ગાળાના ઉદેશથી રાખેલો છે. ટૂંકા ગાળામાં આગામી ત્રણ વર્ષમાં આવી ઓછામાં ઓછી ૧૦ યુનિવર્સિટીઓનો પ્રારંભ થાય એ જરુરી છે. રાષ્ટ્રીય યુનિવર્સિટીઓ બે રીતે સ્થાપી શકાય. સરકાર દ્વારા અથવા સોસાયટી, ચેરીટેબલ ટ્રસ્ટ અથવા સેકશન રૂપ કંપની ઊભી કરનાર ખાનગી પુરસ્કૃત મંડળ દ્વારા.

વિશ્વકક્ષાએ જાહેર નાણાં યુનિવર્સિટીઓનો એક આંતરિક ધટક હોવાથી મોટા ભાગની નવી યુનિવર્સિટીઓને પ્રારંભમાં સરકાર પાસેથી મહત્વની નાણાકીય સહાયની જરુર પડશે. દરેક યુનિવર્સિટીને તેના

સ્થળની જરૂરિયાતો ઉપરાંત જાહેર જમીનની પર્યાપ્ત ફાળવણી કરીને કાયમની આવક ઊભી કરી શકશે. વધારાની જમીન આવક ઊભું કરવાનું સાધન પાછળથી બની શકશે. મોટાપાયે કાયમી આવક ઊભી કરવાની બાબતને પ્રોત્સાહન આપવા પ્રવર્તમાન આવકવેરા કાયદામાં અપવાદ લાવવો જરૂરી છે. વધુમાં કહીએ તો કોઇપણ આપેલ મુદતમાં આવકના ઉપયોગ અથવા યોગ્ય નાણાકીય સાધનના ઉપયોગ પર પ્રતિબંધ હોવો જોઇએ નહિ. તેમજ આ યુનિવર્સિટીઓ વિદ્યાર્થીઓ માટે ફીનું ધોરણ નક્કી કરવા માટે અને ભંડોળ ઊભું કરવાનાં અન્ય સાધોનોનો ઉપયોગ કરવા માટે સ્વાયત્ત હોવી જોઇએ.

અમે જે રાષ્ટ્રીય યુનિવર્સિટીઓનું સૂચન કરીએ છીએ તેમાં અખિલ ભારતીય ધોરણે વિદ્યાર્થીઓને પ્રવેશ આપવાનો રહેશે. તેઓ પ્રવેશની તાતી જરૂરિયાતના સિદ્ધાંતને અપનાવશે. રાષ્ટ્રીય યુનિવર્સિટીઓમાં ઉપસ્નાતકની પદવીઓ માટે ત્રણ વર્ષનો કાર્યક્રમ હોવો જોઇએ અને આવી પદવી વિવિધ અભ્યાસક્રમોમાંથી જરૂરી સંખ્યામાં પરિણામ મેળવવાના આધારે અપાવી જોઇએ. શૈક્ષણિક વર્ષ

આથી સત્ર આધારીત રાખવામાં આવે અને વિદ્યાર્થીઓનું દરેક અભ્યાસક્રમ પૂરો થાય ત્યારબાદ આંતરિક મૂલ્યાંકન કરવામાં આવે. એક રાષ્ટ્રીય યુનિવર્સિટીમાંથી બીજી યુનિવર્સિટીમાં અભ્યાસની ફેરબદલી શકય બનવી જોઇએ. આ રાષ્ટ્રીય યુનિવર્સિટીઓની વિદ્યાશાખાની ઉત્પાદકતા વધારાવા માટે નિમણૂકો અને પ્રોત્સાહકોની યોગ્ય પદ્ધતિ જરૂરી છે. શિક્ષણ અને સંશોધન, યુનિવર્સિટીઓ અને ઉદ્યોગો તથા યુનિવર્સિટીઓ અને સંશોધન પ્રયોગશાળાઓ વચ્ચે મજબુત જોડાણ ધડી કાઢવું જોઇએ. રાષ્ટ્રીય યુનિવર્સિટીઓ વિભાગ આધારીત હોવી જોઇએ અને તેઓની સાથે કોઇ કોલેજનું જોડાણ ન હોવું જોઇએ.

**(બ) શ્રેષ્ઠતા :**

**(૫) પ્રવર્તમાન યુનિવર્સિટીઓમાં સુધારો કરો :**

ઉચ્ચ શિક્ષણમાં પરિવર્તન લાવવાના આપણા પ્રયત્નમાં પ્રવર્તમાન સંસ્થાઓમાં સુધારો લાવવાની બાબત આવવી જ જોઇએ

અને આ માટે કેટલાંક અગત્યનાં પગલાંની યાદી નીચે આપી છે અને આ સાથે સામેલ નોંધમાં તેની સમજુતી આપી છે.

- યુનિવર્સિટીઓએ ઓછામાં ઓછું ત્રણ વર્ષમાં એકવાર નિયત કરેલ અભ્યાસક્રમને તપાસી જોવો જોઇએ અને તેનું પુનઃમાળખું ગોઠવવું જોઇએ.
- વાર્ષિક પરીક્ષાઓ સમજશક્તિને બદલે યાદશક્તિની કસોટી કરતી હોય છે તેથી સતત આંતરિક મૂલ્યાંકન પ્રથા સાથે તેને પૂરક બનાવવી જોઇએ અને આંતરિક મૂલ્યાંકનનું પ્રમાણ કૂલ પ્રમાણના ૨૫ ટકાથી શરુ થવું જોઇએ અને નિર્ધારીત સમયમર્યાદામાં તેમાં ૫૦ ટકા સુધી વધારો થવો જોઇએ.
- અમે અભ્યાસક્રમની પરિણામ પદ્ધતિમાં એવું પરિવર્તન લાવવાનું સૂચન કરીએ છીએ કે જ્યાં, વિદ્યાર્થીઓને પસંદગી પૂરી પાડે એવા વિવિધ અભ્યાસક્રમોમાંથી જરૂરી સંખ્યામાં પરિણામ પ્રાપ્ત કરે એ ધોરણે પદવીઓ આપવામાં આવે.

- શિક્ષણ અને સંશોધન કે જે એક બીજાને સમૃદ્ધ કરે છે તે બે વચ્ચેનો તાલમેલ સર કરવા માટે ફરી એકવાર યુનીવર્સિટીઓ સંશોધનનુ કેન્દ્ર બનવી જ જોઇએ. આ માટે માત્ર નીતિવિષયક પગલાં જ જરૂરી નથી, પરંતુ સાધનોની ફાળવણી, પુરસ્કાર આપવાની પદ્ધતિ અને માનસિક વલણમાં ફેરફારની પણ જરુર છે.

- વિદ્યાશાખાઓના પ્રતિભાશાળી સભ્યોને આકર્ષવા તેમજ તેઓને રોકી રાખવા માટે કામગીરી માટેના પ્રોત્સાહનો આપવા ઉપરાંત કામગીરીની સારી સુવિધા પૂરી પાડીને સભાન પ્રયત્નો કરવા જોઇએ.

- યુનિવર્સિટીઓને સાધનોની ફાળવણી કરવાના માપદંડમાં, પગાર અથવા પેન્શન આપવાની બાબત અને નિભાવ, વિકાસ અથવા મુડીરોકાણની બાબત વચચે ઘણું સારું સરવૈયું કાઢવા માટે પ્રયત્ન થવો જોઇએ. આમાં શ્રેષ્ઠતાને ઉત્તેજન આપવા માટે

ધારાધોરણો અને વ્યુહાત્મક પસંદગીઓની ખાતરી કરાવવા માટે લઘુત્તમ જોખમની આવશ્યકતાને પણ પીછાણવી જોઇએ.

- **શીખવા :** શીખવાની પ્રક્રિયાને સહાય કરે એવાં આંતરમાળખાકીય તત્ત્વો જેવાં કે પુસ્તકાલયો, પ્રયોગ શાળાઓ અને જોડાણોની નિયમિત રીતે તપાસ થવી જરૂરી છે અને તેઓને અદ્યતન બનાવવાં જરૂરી છે.
- જે યુનિવર્સિટીઓ સ્વાયત્તતા જાળવી શક્તી નથી અને વિશ્વસનીયતા પેદા કરી શક્તી નથી તેઓના વહીવટના માળખામાં સુધારો કરવાની તાતી જરરુ છે. આ બાબતે ઘણું કરવાનું જરુરી છે પરંતુ અત્રે બે અગત્યના મુદ્દાઓનો ઉલ્લેખ કરવો જરુરી છે. ઉપકુલપતિઓની નિમણૂક સરકારના સીધા અથવા આડકતરા હસ્તક્ષેપથી પર હોવી જ જોઇએ અને આવી નિમણૂકો માત્ર સંશોધન પ્રક્રિયાઓ અને બારીક નિર્ણયના આધારે જ થવી જોઇએ. યુનિવર્સિટી કોર્ટ, એકેડેમિક કાઉન્સીલ

અને એકઝીક્યુટિવ કાઉન્સીલનું કદ અને માળખું કે જે નિર્ણય લેવાની પ્રક્રિયાને ધીમી બનાવે છે અને ઘણીવાર પરિવર્તન લાવવાની બાબતની આડે વિધ્નરૂપ સાબીત થાય છે તે બાબતે અગ્રતાના ધોરણે પુનઃવિચારણા કરવી જરુરી છે.

- આપણે નાની યુનિવર્સિટીઓનું સર્જન કરવાની જરુર છે અને તે માટે સખત પ્રયત્નો કરવા જોઇએ કેમકે તેઓ પરિવર્તનની બાબતને પ્રતિભાવ આપે છે તેમજ તેમનો વહીવટ સરળતાથી થઇ શકે છે.

**(૯) ઉપસ્નાતકો માટેની કોલેજોનું માળખું પુનઃ ગોઠવો :**

ઉપસ્નાતક શિક્ષણ માટેની જોડાણ ધરાવતી કોલેજોની પ્રથા કે જે ૫૦ વર્ષ પહેલાં યોગ્ય હતી પરંતુ હવે તે પૂરતી કે યોગ્ય નથી અને તેમાં સુધારો કરવાની જરુર છે. ખરેખર તો યુનિવર્સિટીઓ સાથે જોડાણ ધરાવતી ઉપસ્નાતક કોલેજોની પ્રથાનું માળખુ પુનઃ ગોઠવવાની તાતી જરુરિયાત છે.

- અમારી નોંધમાં જે માપદંડ નિર્ધારીત કર્યો છે તેના આધારે કોલેજોને સ્વાયત્તતા, વ્યક્તિગત કોલેજ તરીકે અથવા કોલેજોના જૂથ તરીકે આપવી એ સૌથી સ્પષ્ટ ઉકેલ છે. આમછતાં આ બાબત મર્યાદીત પ્રમાણમાં અથવા સંખ્યામાં ઉપસ્નાતક કોલેજોને ઉકેલ પૂરો પાડવા માટે શક્તિમાન હોવી જોઇએ.
- આવી જોડાણ ધરાવતી કેટલીક કોલેજોને સામુહિક કોલેજો તરીકે પુનઃઆકાર આપી શકાય અને તેઓ વ્યવસાયિક શિક્ષણ અને ઔપચારિક શિક્ષણ એમ બંને શિક્ષણ આપી શકે.
- સ્ટેટ બોર્ડઝ ઓફ અન્ડરગ્રેજ્યુએટ એજ્યુકેશનની સાથે સાથે સેન્ટ્રલ બોર્ડ ઓફ અન્ડરગ્રેજ્યુએટ એજ્યુકેશનની સ્થાપના થવી જોઇએ કે જે, તેઓની સાથે જોડાણ ધરાવવા પસંદગી દર્શાવતી હોય તેવી અન્ડરગ્રેજ્યુએટ કોલેજો માટેનો અભ્યાસક્રમ નક્કી કરે અને પરીક્ષાઓનું સંચાલન કરે. આ બોર્ડો શૈક્ષણિક કાર્યોને

વહીવટી કાર્યોથી અમલ કરશે તેમજ ગુણવત્તાનું આધાર ચિહ્ન પુરું પાડશે.

- નવી ઉપસ્નાતક કોલેજોની સ્થાપના સામુહિક કોલેજો તરીકે થઇ શકે અને તેઓનું જોડાણ સેન્ટ્રલ બોર્ડ ઓફ અન્ડરગ્રેજ્યુએટ એજ્યુકેશન સાથે અથવા સ્ટેટ બોર્ડ ઓફ અન્ડરગ્રેજ્યુએટ એજ્યુકેશન સાથે અથવા જે નવી યુનિવર્સિટીઓની સ્થાપના થઇ હોય તેઓની સાથે થઇ શકે.

**(૭) ગુણવત્તામાં વધારો કરવા માટે ઉત્તેજન આપો :**

ઉચ્ચ શિક્ષણ પ્રથા સમાજને વિશ્વસનીયતા પૂરી પડે તેવી હોવી જોઇએ તેમજ તેના પોતાનામાં વિશ્વસનીયતાનું સર્જન થવું જોઇએ. વિદ્યાર્થીઓને પસંદગીઓ પૂરી પાડે અને સંસ્થાઓની અંદર સ્પર્ધાનું સર્જન કરે એવો ઉચ્ચ શિક્ષણનો વિકાસ વિશ્વસનીયતામાં વધારો કરવામાં અગત્યનો ભાગ બની રહેશે.

- તમામ શૈક્ષણિક સંસ્થાઓ માટે, તેઓની નાણાકીય સ્થિતિ, ભૌતિક મિલકતો, પ્રવેશનાં ધારાધોરણો, વિદ્યાશાખાઓની સ્થિતિ, શૈક્ષણિક અભ્યાસક્રમ અને તેઓની અધિકૃતિનું સાધન અને કક્ષાની બાબતે માહિતી મેળવવાનાં ચોક્કસ ધારાધોરણો હોવાં જોઇએ.

- વિદ્યાર્થીઓ દ્વારા અભ્યાસક્રમો અને શિક્ષકોના મુલ્યાંકનને તેમજ શિક્ષકો દ્વારા શિક્ષકોના બારીક મુલ્યાંકને પ્રોત્સાહન આપવું જોઇએ.

- આંતરમાળખાને અદ્યતન બનાવવું, શિક્ષકોની તાલીમમાં સુધારો લાવવો, અભ્યાસક્રમ અને પરીક્ષા પદ્ધતિનું સતત મુલ્યાંકન કરવું વગેરે બાબતો પર ધ્યાન કેન્દ્રિત કરવું જોઇએ.

- ખાસ કરીને આઇ.સી.ટી.ના આંતરમાળખામાં વધારો કરવો અગત્યનો છે. વેબસાઇટ અને વેબઆધારીત સેવાઓની પારદર્શિતા અને વિશ્વસનીયતામાં સુધારો આવશે. ઉચ્ચ શિક્ષણ

અને સંશોધનના પોર્ટલના કારણે પારસ્પરિક અસર અને સુગમ્યતામાં વધારો થશે. જ્ઞાનનું નેટવર્ક તમામ યુનિવર્સિટીઓ અને કોલેજોનું જાહેર સાધનસામગ્રી અર્થે ઓનલાઇન જોડાણ કરશે.

- વિદ્યાશાખાઓના પ્રતિભાવશાળી સભ્યોને આકર્ષવા અને તેઓને રોકી રાખવા માટે અન્ય સાધનોનો ઉપયોગ કરવા ઉપરાંત યુનિવર્સિટી-યુનિવર્સિટી વચ્ચે તેમજ યુનિવર્સિટીની અંદર જ પગારના તફાવતની બાબતની પુનઃવિચારણા કરવી જરુરી છે. યુનિવર્સિટી-યુનિવર્સિટીની વચ્ચે તેમજ યુનિવર્સિટીની અંદરજ પગારનો આવો તફાવત ઊંચો ન હોવા છતાં અસરકારક બની શકે છે.

- ભારતમાં વિદેશી સંસ્થાઓના પ્રવેશ બાબતે તથા ભારતીય સંસ્થાઓનો વિદેશમાં ઉત્તેજન આપવા બાબતે યોગ્ય નીતિઓ ઘડી કાઢવી જરૂરી છે અને આ બાબતે દેશની અંદર રહેલી

સ્વદેશી અને વિદેશી સંસ્થાઓ માટે જ્ઞાનની શાળા માટે ભૂમિકા ભજવે એવા પક્ષની ખાતરી આપવી જરુરી છે.

- ઉચ્ચ શિક્ષણની પદ્ધતિની બાબતમાં એક બાબત પિછાણવી જોઇએ કે ઉચ્ચ શિક્ષણની કોઇપણ પદ્ધતિમાં વૈવિધ્ય અને એક કરતાં વધુ નિમણૂકોનો ભોગવટો રહેલો છે અને તેથી એકસુત્રતાવાળા એકતરફી અભિગમને નિવારવો જોઇએ. એક કરતાં વધુ નિમણૂકોના ભોગવટાની બાબતની સમજણ હોવી જોઇએ અને આવી વૈવિધ્ય અને વિશેષીકરણની બાબતની ઉપેક્ષા ન કરવી જોઇએ કે તેનાથી ભડકીને દૂર ન રહેવું જોઇએ.

**(ક) સમાવેશ :**

(૮) પાત્રતા ધરાવતા તમામ વિદ્યાર્થીઓને પ્રવેશની ખાતરી આપો. શિક્ષણએ વધુ તકોનું સર્જન કરીને સમાજનો સમાવેશ કરવા માટેનું મૂળભૂત માળખું છે. આથી એ વાતની ખાતરી આપવી અગત્યની છે કે કોઇપણ વિદ્યાર્થી નાણાકીય અવરોધોના કારણે ઉચ્ચ શિક્ષણમાં ભાગ

લેવાની તકથી વંચિત ન રહી જાય. અમે નીચે દર્શાવેલ પગલાંનું સુચન કરીએ છીએ :

- ઉચ્ચ શિક્ષણની સંસ્થાઓ જરૂરતમંદને પ્રવેશ મળે એવી નીતિ અપનાવે એ બાબતે પ્રોત્સાહન આપવું જરુરી છે. આના કારણે, શૈક્ષણિક સંસ્થાઓ જયારે વિદ્યાર્થીને પ્રવેશ આપવો કે ન આપવો એનો નિર્ણય કરતી વખતે કોઇપણ આર્થિક પરિબળને લક્ષમાં લેશે તો તે તેમના માટે ગેરકાયદેસર ગણાશે.
- સારું ભંડોળ ધરાવતી અને વિસ્તૃત રાષ્ટ્રીય છાત્રવૃત્તિ યોજના હોવી જોઇએ અને તેનું લક્ષ્યસ્થાન આર્થિક રીતે વિશેષાધિકાર નહિ ભોગવતા વિદ્યાર્થીઓ તેમજ ઐતિહાસિક-સામાજિક રીતે લાભથી વંચિત જૂથોમાંથી આવતા વિદ્યાર્થીઓ હોવા જોઇએ.

**(૯) હકારાત્મક કાર્યવાહી :**

ઉચ્ચ શિક્ષણ પદ્ધતિનો મુખ્ય હેતુ એ હોવો જોઇએ કે આર્થિક અને ઐતિહાસિક-સામાજિક રીતે વિશેષાધિકાર નહિ ભોગતા વિદ્યાર્થીઓને

શિક્ષણમાં મળતા પ્રવેશની માત્રામાં મર્યાદીત રીતે વધુ અસરકારકરીતે વધારો થવાની ખાતરી મળી રહે.

- આરક્ષણની બાબત અગત્યની છે પરંતુ તે હકારાત્મક કાર્યવાહીનો માત્ર એક ભાગ અને સ્વરૂપ બની રહેવા જોઇએ.
- શૈક્ષણિક પ્રાપ્તિની બાબતમાં અસમાનતા જ્ઞાતિ અને સામાજિક જૂથો સંબંધી હોય છે. તેમ છતાં આવક, જાતિ(લિંગ), પ્રદેશ અને રહેઠાણના સ્થળ જેવા અન્ય નિર્દેશકો સાથે પણ મજબુત રીતે સંકળાયેલી છે. આથી આપણે અર્થપૂર્ણ અને વિસ્તૃત માળખું વિકસાવવાની જરુર છે. જેથી તે હજી પણ પ્રર્વતમાન અસમાનતાનાં વહુવિધ પરિમાણોની સ્પષ્ટતા કરે. ઉદાહરણ તરીકે નુકશાનીના આંકનો ઉપયોગ વિદ્યાર્થીઓને વજનદાર સ્કોર પૂરો પાડવા કરી શકાય અને વધતા જતા સ્કોરનો ઉપયોગ વિદ્યાર્થીના શાળા પરીક્ષા સ્કોરનો પૂરક બનવા માટે કરી શકાય.

અમારા પત્રમાં અમે કરેલી ભલામણોની કાર્યવાહી ત્રણ વિવિધ તબક્કે કરવી જરુરી છે : પ્રર્વતમાન પદ્ધતિઓમાં સુધારા, નીતિઓમાં

ફેરફાર અને નવા કાયદાઓમાં સુધારો અથવા નવા કાયદાઓનો પ્રારંભ, સૂચવેલા ફેરફારોનું અમલીકરણ પણ ત્રણ વિવિધ તબક્કે થઇ શકે : યુનિવર્સિટીઓ, રાજ્ય સરકારો અને કેન્દ્ર સરકાર, અમે જે આગામી પગલું લેવા માગીએ છીએ તેમાં અમે, અમલીકરણની પદ્ધતિઓની યોજના નક્કી કરવા માટે, આપને અને સંબંધીત સાથીઓને મળવા માંગીએ છીએ.

આખરમાં જણાવવાનું કે આપણે એ બાબતને પીછાણવી અગત્યની છે કે ભારતમાં ઉચ્ચ શિક્ષણમાં સ્તબ્ધ પમાડે એવી કટોકટી પ્રવર્તે છે અને તે ઊંડી થતી જાય છે. હવે સમય આવી ગયો છે કે આ કટોકટીને આયોજનપૂર્વકની અને પ્રામાણિક પદ્ધતિથી નિવારવામાં આવે. આ પત્રમાં અમે કરેલી ભલામણો જરુરી શરુઆત કરવા માટેના ધટકો છે. અમે સૂચવેલા ફેરફારો અગત્યના છે અને તેનાથી સાચા તફાવતનું દર્શન થશે. અલબત્ત, સુધારા અને ફેરફારની પ્રક્રિયા સતત હોય છે, તેમજ ધણું કરવાનું હોય છે. અમે આપને વ્યવસાયિક શિક્ષણ

બાબતે અલગથી લખી રહ્યા છીએ. અમને આશા છે કે અમે આપને વ્યવસાયિક શિક્ષણનાં ક્ષેત્રો જેવાં કે તબીબીશાસ્ત્ર, ઇજનેરી, કાયદો, મેનેજમેંટ, આર્કીટેકચર અને ડિઝાઇન તેમજ મુકત અને દૂરવર્તી શિક્ષણ બાબતે અલગ ભલામણો મોકલીશું. અમે એ બાબત પીછાણીએ જ છીએ કે, દરેક બાળકને ઉચ્ચ શિક્ષણ જગતમાં પ્રવેશવાની સમાન તક મળવી જોઇએ એ બાબતની ખાતરી કરાવવા માટે શાળા પદ્ધતિમાં વ્યાપક સુધારા જરુરી છે અને અમે આ બાબતે વિચારી રહ્યા છીએ.

અમે ઉચ્ચ શિક્ષણની બાબતે આગામી પગલાં લેવા બાબતે વિચાર કરવાનું ચાલુ રાખીશું, પરંતુ આપણે તાકીદની પરિસ્થિતિ ઉપર ભાર મૂકવો જ જોઇએ કારણકે આપણું ભવિષ્ય તેના ઉપર આધાર રાખે છે. અમને ખાતરી થઇ ગઇ છે કે અત્યારે અને હમણાં જ કામ કરવું અગત્યનું છે. સાથોસાથ અમે માનીએ છીએ કે આ કટોકટીમાં તક રહેલી છે. યુવાન ભારતની વસ્તીની વાસ્તવિકતા જોતાં જણાયછે કે ઉચ્ચ શિક્ષણનો વ્યાપ, અંતર્ભાવ અને શ્રેષ્ઠતા આર્થિક વિકાસ અને

સામાજિક પ્રગતિમાં વેગ લાવી શકે છે. ખરેખર, અત્યારે આપણે ઉચ્ચ શિક્ષણના ક્ષેત્રમાં જે કાંઇ કરીશું તેના કારણે વર્ષ ૨૦૨૫ સુધીમાં ભારતમાં અર્થતંત્રમાં અને સમાજમાં પરિવર્તન આવી શકશે.

આપનો આભારી. અંગત શુભેચ્છાઓ સહ.

(સહી)
**સામ પિત્રોડા**
અધ્યક્ષ, ધી નેશનલ નોલેજ
કમિશન,

**નકલ સવિનય રવાના :** ડો. મોનેકસિંઘ અહલુવાલિયા, નાયબ અધ્યક્ષ, આયોજન પંચ.